Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૫–૨–૨૦૧૩**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા.૫–૨–૨૦૧૩ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળશે, જેમાં **અચૂક** હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૫–૨–૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | હાજર |

૧. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં ડૉ.વિપુલ સોમાણી (હાલ ફરજ મોકુફ) સામે NGP પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧/ ૦૯/ ૨૦૧૧ની સભાનાં ઠરાવ ક્રમાંક ૧૧૧ અન્વયે ખાતાકીય તપાસ સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. જે તપાસ સમિતિએ તા.૨૨/૧૧/ ૨૦૧૨થી યુનિવર્સિટી ખાતે તપાસ સમિતિનો અહેવાલ રજૂ કરેલ છે, જે તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ડૉ.વિપુલભાઈ જે. સોમાણી સામે તા.૯–૬–૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : ૧૩૩ થી જે તપાસ સમિતિ મૂકેલ હતી તે તપાસ સમિતિનો અહેવાલ આવી ગયેલ હોય ડૉ.વિપુલભાઈ જે. સોમાણી દ્વારા તપાસને અવરોધવાની કોઈ શકયતા ન હોઈ તથા વિભાગમાં અધ્યાપકોની ખૂબ જ અછતને જોતા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બગડી રહ્યુ હોવાથી ડૉ.વિપુલભાઈ સોમાણીનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી સંપૂર્ણ લાભો અને અધિકારો સહીત પરત ખેંચવામાં આવે છે તેમજ ફરજ મોકુફીનો સમયગાળો નિયમીત કરવો તથા અહેવાલના તારણોને તેમજ હાલમાં સાંપડેલી અન્ય દસ્તાવેજી પૂરાવાઓને જોતા નિર્મળ ગ્રામ પુરસ્કારની તપાસ સાથે મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં અન્ય નાણાંકીય વ્યવહારોની પણ યોગ્ય તપાસ થાય તે રીતે તપાસનો વ્યાપ વધારીને પ્રોજેકટ સાથે સંકાળાયેલ તમામ વ્યકિતઓની સઘન તપાસ કરવા નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

**(૧) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) મેજર ઉન્મેષભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી દિપેશભાઈ દવે (મદદનીશ સરકારી વકીલ, સુરત).**
**(૪) શ્રી અમિતસિંહ કે. સિંધા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(નોંધ : શ્રી ધનેશભાઈ વૈધએ સદર બાબતે વાંધો રજુ કરેલ છે.)**

૨. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં ડૉ.વિપુલ સોમાણી (હાલ ફરજ મોકુફ) સામે NGP પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક ૧૧૧ અન્વયે ખાતાકીય તપાસ સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. સિન્ડિકેટનો ઠરાવ નીચે મુજબ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી વિપુલભાઇ સોમાણી (હાલ ફરજ મોકૂફ) સામે નિર્મળ ગ્રામ પુરસ્કાર (**NGP**) પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૮-૪-૨૦૧૦ના ઠરાવ ક્રમાંક ૪૯ થી નીમેલ એડવોકેટ રઘુવંશી, એડવોકેટશ્રી હેમંતભાઇ દેસાઇ, આ.ડૉ.યુ.ટી. દેસાઇની ખાતાકિય તપાસ સમિતિ પર નીચે મુજબના વધુ બે સભ્યોની નિમણૂંક કરવી.

(૧) આ. ડૉ. વિક્રમભાઇ દેસાઇ (સિન્ડિકેટ સભ્યશ્રી)
(૧) આ. ડૉ. જે. ટી. દેસાઇ (શાહ કે. એમ. લો કોલેજ, વલસાડ)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી વિપુલભાઇ સોમાણી (હાલ ફરજ મોકૂફ) સામે બાગકામના નામે કરવામાં આવેલ નાણાંકીય ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં તેમની સામે તહોમતનામુ ફરમાવી ઉપરોકત સભ્યોની જ તપાસ સમિતિ નીમવી."

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ અંતર્ગત ડૉ.સોમાણી સામે બાગકામના નામે કરવામાં આવેલ નાણાકીય ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં તેમને ફરમાવવાનું તહોમતનામું તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) મેજર ઉન્મેષભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) શ્રી દિપેશભાઈ દવે (મદદનીશ સરકારી વકીલ, સુરત)**

**(૪) શ્રી અમિતસિંહ કે. સિંધા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં અંગ્રેજી વિભાગ હેઠળ પી. જી ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ અને એમ. એ. માસ કોમ્યુનિકેશન કોર્ષ ચાલે છે. સિન્ડિકેટે તેની તા.૬/૨૦–૨–૧૯૮૫ની સભામાં (ઠરાવની નકલ આ સાથે સામેલ છે અવલોકને લેવા વિનંતી) શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ શરૂ કરવા માટે રૂા.૨ લાખ દાન સ્વીકારવા અને તે માટેની શરતો પરિશિષ્ટમાં આપ્યા પ્રમાણે સ્વીકારવા માટે ભલામણ કરી હતી. તો આ સંદર્ભમાં

૧. માસ કોમ્યુનિકેશન ભવનનું નામ શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ રાખવું.
૨. યુનિવર્સિટીના પ્રોસ્પેકટસમાં વિભાગનો ઉલ્લેખ શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ કરવું.
૩. પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ(ગ્રાઈનટેડ) કોર્ષના વિદ્યાર્થીઓને અપાતા સેમેસ્ટર માર્કશીટ અને ડિગ્રી સર્ટીફિકેટ પર શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ લખવું કે કેમ ?
૪. તેમજ એમ. એ. માસ કોમ્યુનિકેશન (સેલ્ફ ફાઈનાન્સ) કોર્ષના વિદ્યાર્થીઓને અપાતા સેમેસ્ટર માર્કશીટ અને ડિગ્રી સર્ટીફિકેટ પર શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ લખવું કે કેમ ?

ઉપરોકત બાબત અવલોકને લઈ વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માસ કોમ્યુનિકેશન ભવનનું નામ શ્રી પ્રવિણકાંત રેશમવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ જર્નાલિઝમ રાખવા મંજૂરી આપવી તથા દાતા પાસે વધુ દાન માટે શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી) તથા ડૉ.ધનેશભાઈ વૈધ (સિન્ડિકેટ સભ્યશ્રી) દ્વારા રૂબરૂ મુલાકાત લઈ કાર્યવાહી કરવી.**

૪. શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, સુરતના તા.૨૨/૮/૨૦૧૨ ના પત્રાંક : **RK/429/2012-13** (પત્ર આ સાથે સામેલ છે.) ને અવલોકનમાં લેવા વિનંતી. પત્રમાં જણાવ્યાનુસાર સદર સંસ્થામાં ચાલતા એમ.એસસી. બાયોટેકનોલોજી અભ્યાસક્રમમાં વધુ ૧૦ સીટ ભરવા માટે મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

**(નોંધ : (૧)** <u>સંસ્થા દ્વારા છઠ્ઠા પગારપંચ તથા ડી. એ. નિયમાનુસાર ચૂકવવા અંગેની કોઈ માહિતી તેમના પત્ર સાથે સામેલ કરેલ નથી.</u>

**(૨)** <u>સિન્ડિકેટ, તા.૧૭–૫–૨૦૧૨ની બાબત ક્રમાંક : ૧૦૧માં ઠરાવ્યાનુસાર શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨ – ૧૩ના જોડાણ માટે જો તમામ સંલગ્ન સંસ્થાએ છઠ્ઠા પગારપંચ તથા ડી.એ. નિયમાનુસાર ચૂકવેલ હોય તો તમામ સસ્થાઓ (એપેક્ષ બોડી સિવાયની) ને ૧૦ ટકા સીટોનો વધારો આપવો પરંતુ સદર સંસ્થાઓએ સદર શરતોનું પાલન ન કરેલ હોય તો ઉકત તમામ સંસ્થાઓની ૧૦ ટકા સીટો (ટોટલ ઈન્ટેકના) ઘટાડવી.</u>

**(૩)** સંસ્થાને અત્રેના તા.૦૭–૦૬–૨૦૧૨ના પત્રાંકઃપીજી/ એફી ૧૨–૧૩/ બાયોટેક/૬૧૯૨/ ૨૦૧૨ના પત્રથી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ શરતો તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જણાવેલ શરતો પૂર્તતા કરી તેની જાણ અત્રે કરવાની શરતોને આધીન એમ.એસસી. બાયોટેકનોલોજી (5 Yrs. Integrated Course) અભ્યાસક્રમ નું પ્રવેશની ૬૦ બેઠકો માટે ચાલુ જોડાણ મંજૂર કરવામાં આવેલ છે.**)**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નામંજૂર કરવી.**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સી. બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ભાડે આપવા અને તેનું ભાડું નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સી. બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ભાડે આપવા અને તેનું ભાડું નકકી કરવા મળેલ સી. બી. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડના સંચાલન અંગેની સમિતિની સભાએ કરેલ કાર્યવાહી પરિશિષ્ટઃ '' ક ''માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સરકારી/ અર્ધ સરકારી સંસ્થા કે યુનિવર્સિટીના માંગણી હોય તે દાતાઓકે યુનિવર્સિટીમાં ઉપયોગી થતા હોય કે થઈ શકે તેવી વ્યકિત/ સંસ્થાને વિના મૂલ્યે આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી. જરૂરીયાત મુજબ વિના મુલ્યે / ફી ઓછી કરીને અનુકુળતા મુજબ ફાળવવું તથા મેદાનની રૂા.૧૦,૦૦૦/– ડીપોઝીટ લેવી અને મેદાનના ઉપયોગ બાદ ડીપોઝીટ પરત કરવી.**

**વધુમાં મેદાનમાં કોઈ નુકશાન થાઈ તો ડીપોઝીટ માંથી રકમ વસુલ કરવી.**

**(પરિશિષ્ટઃ '' ક '')**

૬. સિન્ડિકેટ સભ્યશ્રી કિરણ પંડયા, પ્રિ.ડૉ.જે. એમ. નાયક (વલસાડ) અને પ્રિ.ડૉ.વિનોદ પટેલના તા.૧૮/૧/૨૦૧૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સન્ડિકેટ સભ્યશ્રી કિરણ પંડયા, પ્રિ.ડૉ.જે. એમ. નાયક (વલસાડ) અને પ્રિ.ડૉ.વિનોદ પટેલના તા.૧૮/૧/૨૦૧૩ઉના પત્રનો સ્વીકાર કરવો અને મંજૂરી આપવી.**

**વધુમાં જરૂરી સાધનો પણ મંગાવવા અને આ કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરવો.**

૭. પ્રમુખશ્રી, સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી, સુહાસ બ્લોક, મુકતાનંદ નગર, મહાલક્ષ્મી જયુસ સેન્ટરની ઉપર, ગુજરાત ગેસ સર્કલ, અડાજણ સુરત – ૩૯૫ ૦૦૯, દ્વારા માર્ચ/એપ્રિલ/ મે ૨૦૧૩માં લેવાનારી માસ્ટર ઓફ ઓપ્ટોમેટરી (M.Optometry)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં '' સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી ગોલ્ડ મેડલ'' એનાયત કરવા માટે રૂા.૧૦૦૦૦૦/–(રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા.૧૮–૧–૨૦૧૩નાં રોજ ર.ન. ૫૪૫૨૬૫થી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરીએ અને માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૩ની માસ્ટર ઓફ ઓપ્ટોમેટરી (M.Optometry)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરી માર્ચ/ એપ્રિલ/મે ૨૦૧૩ની માસ્ટર ઓફ ઓપ્ટોમેટરી (M.Optometry)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને સદર ચંદ્રક એનાયત કરવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવેથી ચંદ્રક માટે રૂા.૨,૫૦,૦૦૦/– (બે લાખ પચાસ હજાર) રકમ રાખવી.**

૮. પ્રમુખશ્રી, સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી, સુહાસ બ્લોક, મુકતાનંદ નગર, મહાલક્ષ્મી જયુસ સેન્ટરની ઉપર, ગુજરાત ગેસ સર્કલ, અડાજણ સુરત – ૩૯૫ ૦૦૯, દ્વારા માર્ચ/એપ્રિલ/ મે ૨૦૧૩માં લેવાનારી એમ. એસ. ઓફથોલ્મોલોજી (M.S.Ophthol)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને વાર્ષિક પદવીદાન સમારંભમાં '' સાઉથ ગુજરાત એકેડમિ ઓફ ઓપ્થેલમોલોજી ગોલ્ડ મેડલ'' એનાયત કરવા માટે રૂા.૧૦૦૦૦૦/–(રૂપિયા એક લાખ) પૂરાનું દાન તા.૧૮–૧–૨૦૧૩નાં રોજ ર.ન. ૫૪૫૨૬૫થી જમા કરાવેલ છે. ચંદ્રક એનાયત કરવા અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે.

દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરીએ અને માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૩ની એમ. એસ. ઓફથોલ્મોલોજી (M.S.Ophthol)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરી માર્ચ/ એપ્રિલ/ મે ૨૦૧૩ની એમ. એસ. ઓપ્થોલ્મોલોજી (M.S.Ophthol)ની પરીક્ષામાં કુલ્લે સૌથી વધુ માર્કસ મેળવનાર પરીક્ષાર્થીને સદર ચંદ્રક એનાયત કરવો.**

૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે લો ભવનના નિર્માણના બાંધકામ માટે શ્રી જે. એચ. વસોયા, એડવોકેટ " J.H. Vashoya Department of Law " ભવનનું આજીવન નામ આપવાની શરતે રૂા.૫૧ લાખનું દાન આપવા અંગેનો પત્ર મોકલેલ છે. જે પર વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે લો ભવનના નિર્માણના બાંધકામ માટે શ્રી જે. એચ. વસોયા, એડવોકેટ** " J.H. Vashoya Department of Law " **ભવનનું આજીવન નામ આપવાની શરતે રૂા.૫૧ લાખનું દાન આપવા અંગેનો પત્રનો સ્વીકાર કરવો ડિપાર્ટમેન્ટના બાંધકામની મંજૂરી આપવી આગળની કાર્યવાહી કરવી વધુ માં જો સદર ભવનના બાંધકામ માટેની આ રકમ ઓછી પડે તો યુનિવર્સિટીના ફંડ માંથી સદર ખર્ચ કરવો તેમજ દાન માટે સદર દાતાને વિનંતી કરવી તથા (૧) આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ (૨) શ્રી અમિતસિંહ સિંધા પાસે રૂબરૂ મળી તેમને વિનંતી કરવી.**

૧૦. યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, સુરતના નિયામકશ્રી પ્રતિભાબેન બી. દેસાઈને પ્રિન્સિપાલ તરીકે Redisignate કરવા સંસ્થાના મંત્રીશ્રીના તા.૩૧–૦૭–૨૦૧૨ના પત્ર ક્રમાંક : ૯૮૨/ ૨૦૧૨ –૧૩ તથા સોસાયટીના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત અંગે રાજય સરકારશ્રીને પૂછાવવું.**

૧૧. યુનિવર્સિટી ધારાની કલમ **21(1) (v)** Two members nominated by the Syndicate from amongst its own members. AND **21(1) (2**) The term of office of the members of the Academic Council other than ex- officio members shall be three years. પ્રમાણે સિન્ડિકેટે તેના સભ્યો પૈકી બે સભ્યોને એકેડેમીક કાઉન્સિલ પર (Nominate) એટલે કે, તા. ૨૨–૫–૨૦૧૫ અથવા જે તે સભ્ય ૬૨ વર્ષની વય મર્યાદા પુરી કરે એ બે સમય મર્યાદામાં જે વહેલુ હોય તે સમય સુધી કરવાની જોગવાઈ મુજબ આગામી ત્રણ વર્ષ માટે બે સભ્યોને ઉપરોકત નિયમ મુજબ નિયુકત (Nominate) કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને હાલ મુલતવી રાખવી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૧૨. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૯/૦૯/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૨૦૦૮–૨૮૨૩૨૩–ગ.૫ અન્વયે ભરતી નિયમોમાં વયમર્યાદા નિયત કરવા અંગેના ઠરાવથી રાજય સરકારશ્રી દ્વારા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૮(૯)માં કરવામાં આવેલ ફેરફાર તેમજ નવા નિયમ–૮(૧૦) ના કરવામાં આવેલ ઉમેરા સબબ સદર ઠરાવને યુનિવર્સિટીમાં લાગુ પાડવા અંગેના માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત......

**(નોંધ : ઠરાવની જોગવાઈ મુજબ :–**

(૧) જે જગ્યાના ભરતી નિયમોમા ફકત સ્નાતક શૈક્ષણિક લાયકાતની જોગવાઈ હોય અને મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષની ગણાશે.

(૨) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત એટલે કે ડીપ્લોમાં ધોરણ–૧૨ અથવા ધોરણ –૧૦ની શૈક્ષણીક લાયકાત નિયત કરવામાં આવી હોય અને મહત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષની ગણાશે.**)**

(વહીવટી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૧૩. સને ૨૦૧૧–૧૨ના વર્ષનો ૪૬મો વાર્ષિક અહેવાલનો ખરડો તૈયાર કરવા માટે સિન્ડિકેટે નિયુકત કરેલ વાર્ષિક અહેવાલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીનો ૪૬મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા, તેમજ મંજૂર કરેલ પ્રસ્તુત અહેવાલ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ **(MOVE)** કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષનો ૪૬મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવો અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય પાસે રજૂ (MOVE) કરાવવો.**

૧૪. યુનિવર્સિટી ગર્લ્સ હોસ્ટેલ માટેનો વાર્ષિક કોન્ટ્રાકટ ૨૦૧૩–૨૦૧૪ અંતર્ગત જુનો મેસ કોન્ટ્રાકટ મોંઘવારીને ઘ્યાનમાં લેતા થોડા વધારા સાથે લંબાવવા બાબત.

(ર્ગલ્સ હોસ્ટેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જુનો મેસ કોન્ટ્રાકટ નવો મેસ કોન્ટ્રાકટ ન થાય ત્યાં સુધી ચાલુ રાખવો તથા ર્ગલ્સ હોસ્ટેલ / બોઈઝ હોસ્ટેલ માટે મેસ કોન્ટ્રાકટ આપવા માટે ટેન્ડરો મંગાવવા.**

૧૫. બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન એન્ડ રિક્રિએશનની સને ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષ સુધીની ટર્મ પુરી થતા પ્રસ્તુત બોર્ડની ત્રણ વર્ષની મુદત, સ્ટેટયુટ : ૧૭૬ (એ) ૧, ૨, ૫, ૬ અને ૮ મુજબના સભ્યો સિન્ડિકેટે તેની તા.૭/૧/૨૦૧૩ની સભાના ઠરાવનં. ૪૧થી નિયુકત કર્યા હતા. જેની પુનઃ વિચારણા કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્પોર્ટસ ફીઝીકલ એજયુકેશન એન્ડ રિક્રીએશસનની સમિતિ ઉપર સ્ટેટયુટ – ૧૭૬ હેઠળ નીચે મુજબના સભ્યોની નિમણૂંક કરવી.**

**(A) The Board shall consist of :**

**(1) Three Principal of Colleges nominated by the Syndicate, one each from the' District'.**

**(૧) આ. ડૉ.વિનોદભાઈ પટેલ (નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત.)**
**(૨) આ. ડૉ.પંકજભાઈ એસ. દેસાઈ દોલત – ઉષા ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ – સરલા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, તીથલ રોડ, વલસાડ .)**
**(૩) આ.ડૉ.નિતિનભાઈ પટેલ (શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ.)**

**(2) Three representatives who are not Principals, but are connected with Sports and Physical Education activitiesin Colleges nominated by the Syndicate, one each from the ' District '.**

**(૧) શ્રી ધીરનેભાઈ એમ. વાઘેલા (DPE જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર)**
**(૨) શ્રી કિરીટસિંહ જે. વાંસદિયા (સેનેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી ભાવેશ એચ. દેવતા (વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,બીલીમોરા)**

**(3) Senior - most N.C.C. Commandant in the University area ;**
**(૧) કર્નલ મલેક (૫, બટાલીયન N.C.C. , બહુમાળી, સુરત)**

**(4) One member nominated by the Medical Faculty of University.**

**(5) Three experts in Physical Education activities to be nominated by the Syndicate;**
**(૧) શ્રી રૂસ્તમભાઈ સદરી (જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સ્ટે.: ઉત્રાણ, સુરત.)**
**(૨) શ્રી નિઝામા મિનેષ એચ. (આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, કામરેજ, જિ.સુરત.)**
**(૩) શ્રી અનિલ એમ. પટેલ (બાબુભાઈ બી. અવીચલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી)**

**(6) Three Student Representatives, nominated by the Syndicate one each from the ' District '.**

**(૧) શ્રી શૈલેષભાઈ ગામીત (શ્રી એમ. આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા)**
**(૨) જેસીકાબેન પટેલ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી)**
**(૩) પ્રિયાનાબેન પટેલ (બી.કે.એમ.સાયન્સ કોલેજ, વલસાડ)**

**(7) Director in his absense Deputy Director of Physical Education (Secretary)**

**(8) Three members of the Senate nominated by the Syndicate of whom at least one should be a member of the Syndicate;**
**(૧ ) શ્રી અમિતસિંહ સિંધા (સિન્ડિકેટ/ સેનેટ સભ્યશ્રી)**
**(૨) શ્રી સનમ પટેલ (સેનેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી ગણપતભાઈ ધામેલીયા (સેનેટ સભ્યશ્રી)**

૧૬. સિન્ડિકેટ તા.7/1/2013ના ઠરાવ ક્રમાંક –84 ને અનુસંધાને સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (SMIMER)ની વિદ્યાર્થીની ' વખારીયા હિમાદ્રી મહેશભાઈનાં S.Y.M.B.B.S September -2011, S.Y.M.B.B.S February-2012, તથા Third M.B.B.S. Part -I October - 2012 ની પરીક્ષાનાં પરીણામો રદ કરવામાં આવ્યાં છે.

સદર નિર્ણયને અનુસંધાને વિદ્યાર્થીનીએ યુનિવર્સિટીને વકીલ મારફતે લીગલ નોટીસ પાઠવેલ છે. સદર નોટીસ અંગે જરૂરી કાર્યવાહી કરવા યુનિવર્સિટી તરફથી નિમાયેલ એડવોકેટ વૈભવીબેન ડી. નાણાવટીના તા.24/1/2013ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (મેડીકલ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીનીને હાઈકોર્ટના અંતિમ નિર્ણયને આધિન શરતી પરીક્ષામાં બેસવા દેવા તથા હવેથી યુનિવર્સિટી ખાતે ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધણી થાય તેની કાળજી રાખવી તથા  જવાબદારોને ઠપકો આપવો તથા સ્મીમેરના જવાબદારોને પણ ઠપકો આપવા જણાવવું.**

૧૭. યુનિવર્સિટી સંલગ્ન જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ, ખટોદરા કોલોની, સુરત સંચાલિત શ્રીમતી  જી. એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાન–બુડિયા રોડ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ.માં એક વધારાના ડિવિઝનનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી સાથે વધારાના ડિવિઝનની જોડાણઅરજી ફી રૂા.૪૫,૦૦૦/– હિસાબી વિભાગમાં તા.૨૭–૯–૨૦૧૧ ના રોજ રસીદ નંબર ૪૧૮૬૭૮ થી જમા કરાવેલ છે. પરંતુ સિન્ડિકેટ, તા.૧૭–૫–૨૦૧૨ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૩) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે માંગેલ વધારાના ડિવિઝનનું  જોડાણ ન આપવાનું  ઠરાવેલ છે. સદર ઠરાવની જાણ કોલેજને કરતાં કોલેજે તેની તા.૨૪–૯–૨૦૧૨ના પત્રાંકઃ 133/2012 થી વધારાના ડિવિઝનની રૂા.૪૫,૦૦૦/– પરત કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : **(૧)  સિન્ડિકેટ, તા.૧૭–૫–૨૦૧૨ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૩) અન્વયે, નીચે  મુજબ ઠરાવેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ, ભેસ્તાન, સુરત સંચાલિત શ્રીમતી  જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાન, બુડિયા રોડ, સુરતની ઉપરોકત દર્શાવેલ વિગતે ચાલુ / ક્રમશઃ વધારાનુ તથા વધારાના ડિવિઝન અંગેનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૩–૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૧૭ અન્વયે સિન્ડિકેટને કરવામાં આવેલ ભલામણનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન કોમર્સ (સ્વનિર્ભર) અભ્યાસક્રમનું ચાલુ / ક્રમશઃ વધારાનુ તથા વધારાના ડિવિઝન અંગેનું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી તથા ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨ – ૨૦૧૩ માટે કોઈપણ  વધારાનું ડીવીઝન આપવું નહીં.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર ટ્રસ્ટને વધારાના ડીવિઝનની ફીના ૧૦ ટકા રકમ કાપીને બીકીની ફી પરત કરવી. આ પ્રકારેના વધારાના ડિવિઝનને જો સિન્ડિકેટ નામંજૂર કરે તો ૧૦ ટકા રકમ કાપીને ભવિષ્યમાં પણ આ પ્રકારે  પૈસા પરત કરવાનું રાખવું.**

૧૮. યુનિવર્સિટી સંલગ્ન ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, માંડવીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.માં એક વધારાના ડિવિઝનનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી સાથે વધારાના ડિવિઝનની જોડાણઅરજી ફી રૂા.૭૫,૦૦૦/– હિસાબી વિભાગમાં તા.૨૪–૯–૨૦૧૧ ના રોજ રસીદ નંબર ૪૧૮૪૦૮ થી જમા કરાવેલ છે. પરંતુ સિન્ડિકેટ, તા.૧૭–૫–૨૦૧૨ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧૭) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે માંગેલ વધારાના ડિવિઝનનું જોડાણ ન આપવાનું ઠરાવેલ છે. સદર ઠરાવની જાણ કોલેજને કરતાં કોલેજે તેની તા.૩૦–૮–૨૦૧૨ના પત્રાંકઃ MES/BBA/EST-478/2012 થી વધારાના ડિવિઝનની રૂા.૭૫,૦૦૦/– પરત કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : **(૧) સિન્ડિકેટ, તા.૧૭–૫–૨૦૧૨ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧૭) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન, માંડવીની ઉપરોકત દર્શાવેલ વિગતે ચાલુ તથા વધારાના ડિવિઝન અંગેનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૫–૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૪૫ અન્વયે સિન્ડિકેટને કરવામાં આવેલ ભલામણનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન બી.બી.એ.(સ્વનિર્ભર અભ્યાસક્રમ)નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી તથા ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨ – ૨૦૧૩ માટે કોઈપણ વધારાનું ડીવીઝન આપવું નહીં.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર ટ્રસ્ટને વધારાના ડીવિઝનની ફીના ૧૦ ટકા રકમ કાપીને ફી પરત કરવી.**

૧૯. જે તે વિદ્યાશાખામાં નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હોય તે વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યાનુસારની પદવી સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

**FACULTY OF MEDICINE**

(1) Master of Physiotherapy (MPT)

(2) Post Basic Bachelor of Science (Nursing) (P.B.B.Sc.) (Nursing)

(3) M.Sc. Nursing

**FACULTY OF COMMERCE**

(4) P. G. Diploma Course in Management & Marketing With Specialisation in Textile & Allied Industries (P.G. Diploma M.M.T.)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિદ્યાશાખામાં નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હોય તે વિદ્યાશાખા હેઠળ ઉપરોકત જણાવ્યાનુસારની પદવી સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી અને સેનેટમાં મેડીકલની આ દરખાસ્ત ડૉ.રજનીભાઈ એમ. પટેલ (સેનેટર–સ્મીમેર) પાસે તથા વાણિજય વિદ્યાશાખાની ડિગ્રી આ. ડૉ.જે. એમ. નાયક પાસે રજૂ (MOVE) કરાવવી.**

૨૦. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલ વય મર્યાદાના કારણે તા.૩૧–૧૦–૧૨ના દિવસે નિવૃત થતાં નિવૃત શૈક્ષણિક કર્મચારીઓના ધારા ધોરણ અને નીતિનિયમો અનુસાર પે–માઈન્સ પેન્શનની યોજના હેઠળ કરેલ જોગવાઈ અંતર્ગત સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક (૪૨)થી તેઓની ૧૧(અગિયાર) માસના કોન્ટ્રાકટ ઉપર લેવા કરેલ ઠરાવ અંતર્ગત પ્રતિ માસ મહેનતાણું ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

<u>નોંધ :</u>

શ્રી શુકલ BFI & BID અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરની વધારાની જવાબદારી પણ નિભાવતા હતા.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી કપિલદેવ શુકલને પ્રતિ માસ રૂા.૨૩,૦૦૦/– ફીકસ પગાર આપવો. પહેલી નવેમ્બર –૨૦૧૨થી કાર્યરત હોય ત્યાંથી ફીકસ પગાર આપવો.**

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગને સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરી અંતર્ગત યુનિવર્સિટીના સ્ટેયુટ–૨૯૩ માં કરેલ જોગવાઈ હેઠળ ગુજરાતી વિભાગમાં હેડની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ :

(૧) તા.૨૪–૧–૧૩ ના રોજ ડો.જગદીશ એમ. ગુર્જર હાજર થયા છે.

(૨) **Statute 293 :**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગને સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરી અંતર્ગત યુનિવર્સિટીના સ્ટેયુટ–૨૯૩માં કરેલ જોગવાઈ હેઠળ ગુજરાતી વિભાગમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે ડૉ.જગદીશભાઈ એમ. ગુર્જરને નિમણૂંક આપવી.**

૨૨. તા.૩૦–૦૧–૨૦૧૩ની નાણાં સમિતિની બાબત ક્રમાંક ૨, ૩, ૪ અને ૬ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૩૦–૦૧–૨૦૧૩ની નાણાં સમિતિની બાબત ક્રમાંક ૨, ૩, ૪ અને ૬ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની બાબત ક્રમાંક : ૦૩માં જે તે કોલેજમાં જો વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૦ (બે હજાર) કરતાં વધારે હોય તો ૪૫ ટકાનો કુલ્લે વધારો મંજૂર કરવો અને જો વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૦ (બે હજાર) કરતા ઓછી હોય તો કુલ્લે ૩૫ ટકાનો વધારો કરવો તથા આ વધારાનો અમલ ઓકટોબર ૨૦૧૨ની પરીક્ષાઓથી કરવો.**

**(પરિશિષ્ટ :" ખ ")**

૨૩. (૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨–૨૦૧૩નું સુધારેલ તથા સને ૨૦૧૩ –૨૦૧૪નું અંદાજપત્ર બુધવાર, તા.૩૦–૦૧–૨૦૧૩ના રોજ મળેલ નાણાં સમિતિની સભામાં સર્વાનુમત મંજુર કરવામાં આવેલ છે. જેના પર ચર્ચા – વિચારણા કરવા બાબત......

(૨) આગામી માર્ચ–૨૦૧૩માં મળનાર સેનેટની વાર્ષિક સભામાં અંદાજપત્ર કયા સભ્ય દ્વારા રજૂ **(MOVE)** કરાવવું તે નકકી કરવા બાબત.....

(હિસાબી)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨–૨૦૧૩નું સુધારેલ તથા સને ૨૦૧૩–૨૦૧૪નું અંદાજપત્ર મંજૂર કરવું અને સેનેટને અંતિમ મંજુરી માટે ભલામણ કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ.ડૉ. જે. એમ. નાયક પાસે રજૂ (MOVE) કરાવવાનું રાખવું.**

૨૪. " ડૉ.હર્ષદભાઈ ડાહ્યાભાઈ દેસાઈ " ગોલ્ડ મેડલ તથા " ગીરધર ગોપાલ મુંદ્રા " મેડલ એનાયત કરવા માટે દાતાઓ તરફથી અનુક્રમે તા.૭–૬–૨૦૧૨ તથા ૩૦–૭–૨૦૧૨ના રોજ દાતાઓ તરફથી દાનની રકમ જમા કરાવવામાં આવી હતી. જેની બાબત સિન્ડિકેટ સમક્ષ રજુ કરવામાં આવતાં સિન્ડિકેટની તા.૧૧–૧૦–૨૦૧૨ ની સભાના ઠરાવ નં ૩ તથા ૪ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

" સદર દાનનો સહર્ષ સ્વીકાર કરવો તથા દાતાની સહમતી લઈ અને ચંદ્રકો ૨૦૧૩ના પદવીદાનમાં સદર ચંદ્રકો આપવા."

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે સદર બંન્ને ચંદ્રકોની દરખાસ્ત અનુક્રમે જુન '૧૨ તથા જુલાઈ ' ૧૨માં યુનિવર્સિટીની મળેલ હોય આ બંન્ને ચંદ્રકો વર્ષ ૨૦૧૩ની પરીક્ષાથી જ આપી શકાય અને વર્ષ ૨૦૧૪નાં પદવીદાન સમારંભમાં જ એનાયત કરી શકાય જે અંગેની પુર્ન વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને મંજૂર કરવી.**

૨૫. પરીક્ષા આચાર સમિતિની તા.૧૮–૧–૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૮–૧–૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ગ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૨૬. શ્રી સંજયભાઈ દેસાઈ તથા મેહૂલભાઈ કે. ઠાકરની સંયુકત સહીથી યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં રીનોવેશન સાધનોની ખરીદી તથા અન્ય જરૂરીયાત માટે દાન મેળવવા અંગેનો તા.૨૪/૦૧/૨૦૧૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિવિધ સભ્યશ્રીઓના પત્રની ભલામણ મુજબ વિવિધ અનુસ્નાતક ભવનો માટે રૂા.૫૧,00,000/– (એકાવન લાખ) સુધીના દાન સ્વીકારવા અને તે મુજબ વિવિધ અનુસ્નાતક ભવનોમાં દાતાઓના નામ આપવાના રાખવા.**

૨૭. યુ. જી. સી. ના નવા નિયમ પ્રમાણે પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કન્ટેન્ટ કોર્ષ ચલાવવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કન્ટેન્ટ કોર્ષ અંગેની કામગીરી યુનિવર્સિટીના કેમ્પસ બહાર પણ જેવાં કે મેડિકલ ફેકલ્ટી તથા આર્ટસ ફેકલ્ટી( હિન્દી, સંસ્કૃત, ઈતિહાસ, મનોવિજ્ઞાન વગેરે) ચાલે છે. આ કન્ટેન્ટ કોર્ષ ચલાવવા માટે જરૂરી શૈક્ષણિક કર્મચારી તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને મહેનતાણું ચૂકવવાનું થતું હોય છે. એમ.ફિલ. અભ્યાસક્રમ માટે સિન્ડિકેટની સભા ધ્વારા મંજૂર કરવામાં આવેલ મહેનતાણાં અંગેના પરિપત્ર આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લઈ પીએચ.ડી. અંગેના કન્ટેન્ટ કોર્ષ સાથે સંકળાયેલ કર્મચારીઓનાં મહેનતાણાં ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

વધુમાં, પીએચ.ડી. અભ્યાસક્રમમાં થીસીસ તપાસવા માટે નિમાયેલ બાહ્ય નિર્ણાયકો તથા આંતરિક નિર્ણાયકને હાલ ૬૦૦/– રૂા. મહેનતાણું ચૂકવવામાં આવે છે જયારે એમ.ફિલ. અભ્યાસક્રમમાં આ મહેનતાણું ૭૫૦/– રૂા. ચૂકવવામાં આવે છે.જે મહેનતાણામાં વધારો કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી પીએચ. ડી.નાં બાહ્ય નિષ્ણાંત / પરીક્ષકને થીસીસ મુલ્યાંકનમાં રૂા.૧૫૦૦/– આપવા તથા એમ.ફિલ.ના ડેર્ઝટેશનના મુલ્યાંકન માટે રૂા.૧૦૦૦/– ચુકવવા. છેલ્લા એકાદ વર્ષથી એમ.ફિલ.ના પ્રવેશો નિયમીત થયા ન હોય બેકલોગ હોવાથી આ વખતના પ્રવેશોમાં એમ.ફિલ.ના એક માર્ગદર્શક શિક્ષકને પાંચ વિદ્યાર્થીઓ ખાસ કેસ તરીકે ફાળવવા. પીએચ.ડી.માં પણ જે વિષયમાં ઓછા માર્ગદર્શક શિક્ષકો છે ત્યાં બહારની યુનિવર્સિટીના માન્ય માર્ગદર્શક શિક્ષકોને ખાસ કિસ્સામાં હાલ થનારા પ્રવેશોમાં વિદ્યાર્થીઓ ફાળવવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંકુલ બહાર ચાલતા પીએચ.ડી.ના કોર્સ કન્ટેન્ટમાં કે જે વિષયનાં યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો નથી તેવા વિષયમાં અગાઉના એમ.ફિલ. Course Countent માટેના યુનિવર્સિટીના મહેનતાણાં બાબતના તમામ પરિપત્રો છે તે મુજબ રેમ્યુનરેશન (મહેનતાણાં) શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓને ચુકવવા તેમજ એમ.ફિલ., પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા માટે પણ સદર પ્રકારના મહેનતાણાં ચુકવવા તેમજ યુનિવર્સિટી સંકુલ ખાતે બહારથી આવનાર મુલાકાતી અધ્યાપકને પણ નિયમાનુસારના આ પ્રકારના મહેનતાણાં ચુકવવા.**

૨૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ ના બી.એડ. પ્રવેશ કાર્યવાહી અંગે મળેલ પ્રવેશ સમિતિની બેઠકનો અહેવાલ સાથે સામેલ છે જે અવલોકને લઈ મંજુરી અર્થે તથા સમગ્ર કાર્યવાહી કોમપ્યુટર પ્રોગ્રામનું કાર્ય ઓન લાઈન કરવા ઠરાવ્યું છે. સદર પ્રવેશ સમિતિના અહેવાલને સ્વીકારવા આદેશાર્થે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રવેશ સમિતિનો અહેવાલ સદર સમિતિને રીફર કરવો પરંતુ ઓનલાઈન બી.એડ્.ના પ્રવેશની આગળની કાર્યવાહી કરવી અને આ પ્રકારે સ્નાતક તથા અનુસ્નાતકના પ્રવેશો પણ વિભાગોની જરૂરીયાત મુજબ ઓનલાઈન કરવા તે માટેની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી. સદર પ્રકારની તમામ પ્રવેશ સમિતિઓમાં હવેથી કન્વીનરશ્રીને યુનિવર્સિટીના નિતિ નિયમોને આધીન રહીને જરૂરીયાત મુજબ ખર્ચ કરવાની સત્તા આપવી. હવેથી તમામ સ્નાતક/ અનુસ્નાતકની કેન્દ્રીય પ્રવેશ સમિતિના બેંક એકાઉન્ટસ યુનિયન બેંકમાં સદર સમિતિના કન્વીનરશ્રી અને કુલસચિવના જોઈન્ટ નામથી ખોલાવવા અને તે મુજબ ઓપરેટ કરવા અને કેન્દ્રીય પ્રવેશ સમિતિના નાણાંકીય વહેવારો તમામ પ્રવેશોના અંતે ઓડીટેડ હિસાબો સહીત, વધેલા નાણાં યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રાખવું.**

૨૯. મેડીકલ કોલેજ સ્મીમેર, સુરત ખાતે તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક વિભાગોમાં એન.આર.આઈ. ક્વોટાની બેઠકો ઉપલબ્ધ કરવા સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરતના તા.૨૪–૦૧–૨૦૧૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, M.C.I.ના નિયમો મુજબ તથા N.R.I.ના પ્રવેશ બાબતના રાજય સરકારોના નિયમો મુજબ N.R.I. ક્વોટાની બેઠકો ભરવી તથા સીટનું વિવિધ બ્રાન્ચીસનું રોસ્ટર રજીસ્ટર નિભાવવું તથા રોસ્ટર મુજબ રોટેશન N.R.I. ક્વોટામાં પણ રાખવું.**

૩૦. અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦–૪–૨૦૦૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૫૬) અન્વયે નિયુકત ઓ.૪૩માં સુધારો સૂચવવાની સમિતિ ધ્વારા કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૨૮–૧–૨૦૦૯ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪) થી મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે ભલામણ સિન્ડિકેટની તા.૩૦–૧–૨૦૦૯ની સભામાં રજૂ કરતા સિન્ડિકેટ ધ્વારા તેના ઠરાવ ક્રમાંક (૪૮) થી કોર્ષની વિગતો સ્પષ્ટ દર્શાવી પુનઃરજૂ કરવા ઠરાવેલ હોય જે સંદર્ભમાં સિન્ડિકેટની તા.૭–૧–૨૦૧૩ના રોજની સભાએ નિયુકત કરેલ સમિતિ સભ્યશ્રી ડૉ.કિરણભાઈ પંડયા અને ડૉ.વિક્રમભાઈ દેસાઈ ધ્વારા તેમના તા.૧૫ જાન્યુઆરી ૨૦૧૩ના પત્રથી યુ. જી. સી. ગાઈડલાઈન મુજબની વધારાની ભલામણ ક્રમાંક ૮ અને ૯ સાથે કુલ ક્રમાંક ૧ થી ૯ (પત્ર મુજબ) ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સમિતિનો અહેવાલ સ્વીકારવો અને મંજુર કરવો.**

**વધુમાં બિડાણના અનુક્રમ નંબર – ૬ ને રદ કરવું જયાં Apex Body (MCI/ AICTE/ NCTE વગેરે) હોય તો ત્યાં તેની મંજુરી લેવી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૩૧. સેનેટ –૨૦૧૨ની વિવિધ વિભાગોની તા.૧૨–૦૮–૨૦૧૨ના રોજ યોજાયેલ ચૂંટણીના મતદારોના નામની એન્ટ્રીથી મતપત્રક છાપકામ સહિતનું કામ અંગેના સૂર્યા ઓફસેટ, અમદાવાદ ધ્વારા કુલ્લે બીલની રકમ રૂા.૪૦,૦૧૧૪૪/–(ચાળીશ લાખ એક હજાર એકસો ચુમ્માળીસ પૂરા) ૨ % લેસ કરી સિન્ડિકેટ વતી મંજૂર કરવાના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૩૨. યુનિ. સ્ટેટયુટ ૧૯૯ અન્વયે સને ૨૦૧૧–૧૨નાં વર્ષના યુનિ. હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફિસે તૈયાર કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેટયુટ ૧૯૯ અન્વયે સને ૨૦૧૧–૧૨નાં વર્ષના યુનિ. હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફિસે તૈયાર કરેલ અહેવાલ મંજૂર કરવો અને સેનેટને અંતિમ મંજુરી માટે ભલામણ કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ.ડૉ.જે. એમ. નાયક પાસે રજૂ (MOVE) કરાવવાનું રાખવું.**

૩૩. ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈનફરમેશન ટેકનોલોજીમાં ચાલતા એમ. એસસી. કોમ્પ્યુટર એપ્લીકેશન પ્રોગ્રામના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ના ચાલુ જોડાણ આપ્યા સંદર્ભમાં સિન્ડિકેટની શરતોનું પાલન કરવામાં આવ્યાની જાણ સદરહું કોલેજ ધ્વારા તેમના તા.૭–૧–૨૦૧૩ના પત્ર ક્રમાંક ૬૩૦/ ૨૦૧૨–૧૩થી કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ. પી. બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈનફરમેશન ટેકનોલોજીમાં ચાલતા એમ. એસસી. કોમ્પ્યુટર એપ્લીકેશન પ્રોગ્રામના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ના ચાલુ જોડાણ આપ્યા સંદર્ભમાં સિન્ડિકેટની શરતોનું પાલન કરવામાં આવ્યાની જાણ અંગેના કોલેજના તા.૭–૧– ૨૦૧૩ના પત્ર ક્રમાંક ૬૩૦/ ૨૦૧૨–૧૩નો સ્વીકાર કરવો.**

૩૪. એમ. ફિલ. (લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ) અભ્યાસક્રમ માટેનાં આવેદન પત્રો અત્રે પ્રાપ્ત થયેલ છે. નીચે દર્શાવેલ બાબતોને મંજૂર કરીનેએમ. ફિલ. (લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ) (પાર્ટ ટાઈમ) ચારસિમેસ્ટર અનુસારનો અભ્યાસક્રમ શરૂ કરવા વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિગત | નોંધ | નોંધ |
|---|---|---|---|
| ૧. | **અભ્યાસક્રમની કુલ બેઠકો** | **૧૫ બેઠકો** | **આ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે લેખિત પરીક્ષા લેવામાં આવશે. તદુપરાંત યુનિવર્સિટીના નિયમો અનુસાર બેઠકો ભરવામાં આવશે.** |
| ૨. | **અભ્યાસક્રમનો સમય** | **શનીવાર અને રવિવાર** | |
| ૩. | **સિમેસ્ટરની સંખ્યા** | **ચાર** | |
| ૪. | **ટયુઈશન ફી** | **સિમેસ્ટ દીઠ રૂા.૧૫,૦૦૦ અને યુનિવર્સિટીની અન્ય ફી** | |
| ૫. | **અધ્યાપન કાર્ય** | **યોગ્યતા ધરાવતા મુલાકાતી વ્યાખ્યાતાઓ ધ્વારા અધ્યાપન કાર્ય સંપન્ન કરાવવામાં આવશે.** | **યુનિવર્સિટીના નિયમો અનુસાર અધ્યાપન કાર્યનું મહેનતાણું તથા જે મુલાકાતી અધ્યાપકો સુરત બહારથી આવતા હોય તેમને મુસાફરી ભાડુ ચૂકવવામાં આવશે.** |
| ૬. | **કો–ઓર્ડિનેટર** | **મદદનીશ ગ્રંથપાલ** | **યુનિવર્સિટીના નિયમો અનુસાર પ્રતિ માસ વેતન ચૂકવવામાં આવશે.** |
| ૭. | **મહેકમ** | **૧ હંગામી કારકુન (M.L.I.Sc.નું કામ કરતા કર્મચારી)** | **પ્રતિમાસ રૂા.૧,૫૦૦** |
| | | **૧ કમ્પ્યૂટર ઓપરેટર** | **પ્રતિ માસ રૂા.૧,૦૦૦** |
| | | **૧ વર્ગ – ૪** | **પ્રતિ માસ રૂા.૫૦૦** |

(ગ્રંથાલય)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, RSCનો સદર અહેવાલ સ્વીકારી મંજુરી આપવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, M.Lib, B.Lib તથા M.Phill. (સ્વનિર્ભર) માટે રૂા.૧૬,૫૦૦/–ના ફીકસ પગારથી ૧૧ માસના કોન્ટ્રાકટથી લાયકાત પાત્ર અધ્યાપકોની નિમણુંક સત્વરે કરવી તથા સદર અભ્યાસક્રમોના સ્વનિર્ભર ફંડ માંથી સદર પગાર ચુકવવો.**

૩૫. સુરુચિ ટ્રસ્ટ સુરત તા.૦૧–૦૧–૨૦૧૩ના, નવા બનનારા ભવનને શ્રી ઈશ્વરભાઈ પ્રેમજીભાઈ સવાણી ભવન આજીવન નામ આપવાની શરતે રૂા.૫૧ લાખના દાન અંગેના, પત્ર પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સુરુચિ ટ્રસ્ટ સુરત તા.૦૧–૦૧–૨૦૧૩ના પત્રાનુસાર નવા બનનારા સિસર્ચ સેન્ટરને શ્રી ઈશ્વરભાઈ પ્રેમજીભાઈ સવાણી ભવન તેવું નામ આપવું અને આ સંશોધન કેન્દ્રને આજીવન નામ આપવાની શરતે રૂા.૫૧ લાખના દાનનો સ્વીકાર કરવો.**

## માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

૩૬. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫/૦૫/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક : રવભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦.ક અન્વયે ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કરેલ કોર્સ તથા પોલીટેકનીકમાં કરેલ ત્રણ વર્ષના ડીપ્લોમા કોર્સને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ સમકક્ષ ગણવા અંગેના સદર ઠરાવને યુનિવર્સિટીમાં લાગુ પાડવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત...

(નોંધ : ઠરાવની જોગવાઇ મુજબ :-

(૧) જે ઉમેદવારોએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતાપ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય તથા જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો, તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(૨) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતાપ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(૩) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડિપ્લોમા કોર્ષ કરેલ હોય તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.)

(વહીવટી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૩૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ પ્રોફેસર અને રીડર કક્ષાના ટીચર્સો માટે બનાવવામાં આવેલ ૧૦ નંગ પ્રોફેસર/ રીડર કવાર્ટસો પૈકી ખાલી રહેતા કવાર્ટસો આસીસ્ટન્ટ પ્રોફેસર/ લેકચરર કક્ષાના ટીચર્સ/ આ કક્ષાના વહીવટી કર્મચારીને ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.અપૂર્વભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) ડૉ.કિરણભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૩૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ મુખ્ય વહીવટી ભવનની સામે આવેલ મુખ્ય બગીચાની દેખરેખ રાખવા તથા વિકાસ કરવા માટે પ્રવર્તમાન દૈનિક રોજમદાર દરે બે માળીઓ ફરજ ઉપર રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત અંગે માળી/મજુરો માટે બહારથી લાવવા અંગે (Out Sourcing માટે) ટેન્ડરીંગ કરવા.**

૩૯. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ ના પીજી મેડીકલ પ્રવેશ અંગેના ફોર્મ વહેચવા અંગે સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ની બાબત ક્રમાંક ૧૦૩ અન્વયે NEET (National Eligibility cum Entrance Test)ની પરીક્ષાના મેરીટ મુજબના પ્રવેશો બાબતના ઠરાવ્યાનુસાર તા.૨૮/૦૧/ ૨૦૧૩ ના રોજ બપોરે ૪ : ૦૦ કલાકે યુનિવર્સિટીના વહીવટી બિલ્ડીંગના રૂમ નંબર ૨૦૫ માં પ્રવેશ સમિતિ અને MD/M.S. ના પ્રવેશ સબંધે તથા તેના નિયમો પર ચર્ચા થઈ હતી જે મુજબ સમિતિએ આપેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર પ્રવેશ સમિતિનો અહેવાલ સ્વીકારી મંજુર કરવો** NEET **મુજબ પ્રવેશો કરવા.**

**વધુમાં બિડાણના** Selection**ના** Para No. 4.3 **માં** Typographical error **સુધારી** NEET Passed **એમ વંચાણમાં લેવું.**

૪૦. પ્રિ.ડૉ.જે. એમ. નાયક, વલસાડના તા.૦૫/૦૨/૨૦૧૩ના પત્રાનુસાર સપ્તધારા સ્પર્ધામાં રાજય કક્ષાએ વિજેતાઓને એડમીશનમાં વઈટેજ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકાર આયોજીત સપ્તધારા સ્પર્ધામાં વિજેતાના પ્રમાણપત્ર વાળા લઘુત્તમ પ્રવેશ પાત્રતા ધરાવનારા (૪૫ ટકા) વિદ્યાર્થીને લાભ આપવા અંગે સદર પ્રમાણપત્ર વાળા વિદ્યાર્થીઓને ૨ ટકા ઉમેરીને મેરીટમાં મૂકવા તથા રાજય કક્ષાની સ્પર્ધામાં વિજેતા (પ્રથમ/ દ્વિતિય/ તૃતિય) ને જ આ પ્રકારનો લાભો આપવા.**

૪૧. કૈરાવી ગ્રાફીકસ, અમદાવાદનો તા.૨૧–૧૧–૨૦૧૨નો પત્ર મળ્યો છે અને તેઓ માર્કશીટ અને સર્ટીફીકેટને લેમીનેશનની કામગીરી કરે છે, તો આ અંગે શું કાર્યવાહી કરવી, તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (માર્કશીટ બ્રાન્ચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આ પ્રકારેના લેમીનેશનની કામગીરી સદર પાર્ટીને આપવા માટે નીચે મુજબની સમિતિ બનાવવી .**

**(૧) ડૉ.અપૂર્વભાઈ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) શ્રી પરેશભાઈ આર. પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) ડૉ.ધનેશભાઈ જી. વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૪૨. યુનિવર્સિટી કાર્યાલયમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારીત માનનીય કુલપતિશ્રીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી ઠાકોરભાઈ એચ. પ્રજાપતિનો ફીકસ પગાર નકકી કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી ઠાકોરભાઈ એચ. પ્રજાપતિનો પગાર ચાલુ માસથી રૂા.૧૦,૦૦૦/– ફીકસ (પ્રતિ માસ) રાખવો.**

**વધુમાં રૂા.૧૦,૦૦૦/–ના ફીકસ પગારનો બે વર્ષનો (ચાલુ માસથી) કોન્ટ્રાકટ કરવો શ્રી ઠાકોરભાઈ એચ. પ્રજાપતિએ ફરજ ઉપરાંત જયારે જરૂર જણાય ત્યારે કામગીરી માટે આવવાનું રહેશે.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**
ક્રમાંક : એસ – ૧ (૧)/ ૧૫૬૨ /૨૦૧૩.
તા.૫–૨–૨૦૧૩.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**